COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. 03/0૬/૨૦૨૦

આમુખ:

COVID-19 ની મહામારીને નિયંત્રણમાં લાવવા માટે અને કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવી છે જેને અનુલક્ષીને કોલેજ/યુનિવર્સિટીનું શૈક્ષણિક કાર્ય હાલમાં સંપૂર્ણપણે બંધ છે. COVID-19 ની મહામારીને ધ્યાને રાખીને કોલેજ/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ, આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સંબંધે શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. હાલની COVID-19 ની મહામારીના કારણે વિદ્યાર્થીઓ તરફથી ઉપર્યુક્ત વિષય અન્વયે વિવિધ રજુઆતો કરવામાં આવી હતી. સદર બાબતે રાજ્યમાં આવેલી તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ સાથે માન. શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં તથા માન. રાજ્યકક્ષાના મંત્રી, ઉચ્ચશિક્ષણની ઉપસ્થિતિમાં તા. ૨૯-૦૫-૨૦૨૦ ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું અને કુલપતિશ્રીઓ સાથે આ બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તમામ હકીકતોને ધ્યાનમાં લઇને ગુજરાત રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રકિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવાની બાબતે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા અને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ની પ્રવેશ પ્રકિયા તથા શૈક્ષણિક કાર્ય શરૂ કરવા નીચે પ્રમાણેની સુચનાઓ ઠરાવવામાં આવે છે.

(૧) ઈન્ટરમીડીએટ સેમેસ્ટર ૨, ૪, ૬(જયારે સેમેસ્ટર ૬ ઈન્ટરમીડીએટ હોય ત્યારે) ના વિદ્યાર્થીઓને Merit Based Progression આપવાનું હોઈ પરીક્ષા ફી પરત આપવા વિદ્યાર્થીઓ તરફથી માંગણી કરવામાં આવી છે. આથી Merit Based Progression ના કિસ્સામાં તે સેમેસ્ટરની પરીક્ષા ફી આગામી સેમેસ્ટરની પરીક્ષા ફી તરીકે મજરે આપવાની રહેશે.

(૨) વિદ્યાર્થીઓ તરફથી એવી રજુઆત થયેલ છે કે કેટલાક વિદ્યાર્થીઓ કન્ટેઇનમેન્ટ ઝોનમાં રહેતા હોય કે પરીક્ષાના દિવસે COVID-19 ના લક્ષણો દેખાય કે કોરોના સંક્રમિત થયેલ હોવાનું જણાય કે અન્ય કારણોસર પરીક્ષા કેન્દ્ર સુધી આવી શકે તેમ ન હોય તો ફકત તેવા

વિદ્યાર્થીઓ માટે ખાસ પરીક્ષા ઓગષ્ટ/સપ્ટેમ્બર મહિનામાં યોજવાની રહેશે. આ ખાસ પરીક્ષાના માર્ક્સ રેગ્યુલર માર્ક્સ તરીકે માર્કશીટમાં દર્શાવવામાં આવશે.

(૩) કેટલાંક કોર્સ જેવા કે B.Ed., L.L.B., B.Lib. વગેરે ચાલે છે. જે ખરેખર યુ.જી. કોર્સ છે પરંતુ આ કોર્સિસમાં ગ્રેજ્યુએશન પછી જ પ્રવેશ આપવામાં આવે છે. આવા કોર્સીસ માટે કુલપતિશ્રીઓની ભલામણ મુજબ પી.જી.ની જેમ પરીક્ષા લઇ યોજવાની રહેશે.

(૪) લોકડાઉનના લીધે કેટલાય વિદ્યાર્થીઓ અન્ય જીલ્લાઓમાં/રાજ્યમાં તથા વિદેશ પોતાના વતનમાં જતા રહ્યા છે. જો તેઓને ફક્ત પરીક્ષા માટે જ પરત બોલાવવામાં આવે તો તેઓને અસુવિધા થવાની શક્યતા રહે છે. આમ, માત્ર પરીક્ષા માટે movement કરવી ન પડે તેથી વિદેશી વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ઓનલાઈન યોજવાની રહેશે તથા અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પણ ઓનલાઈન યોજી શકાય. વધુમાં, કેટલીક યુનિવર્સિટીઓ જેવી કે GTU, ગુજરાત યુનિવર્સિટી વગેરેમાં સમગ્ર રાજ્યમાંથી વિદ્યાર્થીઓ આવે છે અને તેઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. આવા વિદ્યાર્થીઓ માટે પણ યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા તથા સ્વાસ્થ્યરક્ષા માટે ગુજરાતમાં દરેક જિલ્લા કક્ષાએ પરીક્ષા કેન્દ્ર રાખવાનું આયોજન કરવાનું રહેશે.

૨. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવથી આપવામાં આવેલી આ સિવાયની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- સીલેક્ટ ફાઇલ